સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ઉમા-ગિરીરાજને આ મંથનમાં વિષ મળ્યું!
લડશે ખૂદ હવે સીતાજી, રામનું નામ ફળ્યું!!
વળગ્યું કોઈને બળતું, પડતું ભૂતીયું ઘર -
કેટલાય વાલી-સુગ્રીવ 'સેનાને' રામ રામ કર્યું!

હાઈકુ

નાખતા નહીં
શીંગડામાં મસ્તક -
- મેં તો કહ્યું'તું...
(શ્રી રઘુરામ રાજન)

કરોડો ખર્ચે -
ગંગા સાફ થઈ ગ્યાં,
હવે 'પીવાનું'
(ગ્રાંટ સાફ કરો)

ચિંતન

ज्ञानं ते अहं सविज्ञानम् ईदं वक्ष्यामि अशेषत्: ।
यत् ज्ञात्वा नेह भूयोन्यत् ज्ञातव्यम् अवशिष्यते ॥

ઉપરોક્ત શ્લોક નિતિશતકમાંથી લેવામાં આવેલ છે.

હું તને આ જ્ઞાન તેના રહસ્ય સાથે પૂરેપૂરું કહીશ. જે જાણીને આ સંસારમાં પછી જાણવા જેવું બાકી રહેશે નહીં. વિશિષ્ટ જ્ઞાન સાથે એટલે કે તેના રહસ્ય સાથે... અહીં જનકરાજા તો પરમ જ્ઞાનને પામી ચૂક્યા છે, તેથી કહે છે કે હવે વિજ્ઞાન માટે પણ અલમ્ હવે મારે વિશેષે કરીને કોઈ જ્ઞાનની પણ જરૂર રહેતી નથી.

પરમ 'તત્ત્વ'ને જાણ્યા પછી માણસ સંસારમાં રહેવા છતાં નિર્મોહી થઈ જાય છે. શરીર - ઈન્દ્રિયો-દેહનું પણ અભિમાન રહેતું નથી. જનકરાજા 'વિદેહી' કહેવાયા હતા. રાજા હોવા છતાં 'નિર્મોહી' રહેવું એ જ 'પરમ જ્ઞાન.'

સુવિચાર

- તમે ઈશ્વર સમક્ષ કઈ રીતે, કયા ભાવથી જાઓ છો, એના આધારે જ એ પ્રગટ થાય છે, ઈશ્વરના આકાર એ તમારા ભાવ અને ભાવનાનો આકાર છે - **સુરેશ દલાલ**
- સામાન્ય માણસનું ગીત એ ગીત જ રહે છે, ભગવાનનું ગીત એ ગીતા થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અહંકાર વગરનાં જે ક્રોધ-માન-માયા-લોભ છે તે દુ:ખ કરશે નહીં - **જનકલ્યાણ**
- આત્મદશા સાધે તે સાધુ - **ઓશો**
- આખી જિંદગી ભત્રીજા પાસે ચાકરી કરાવીને મરતી વખતે બધી મિલ્કત છોકરાંને આપી દીધી! એ બુદ્ધિનો આશય - **આપ્ત સૂત્ર**
- મૃત્યુ એટલે પ્રભુના દરબારમાંથી આવેલી ઈન્કમટેક્સની મુદત - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : દાદર - ખરજવા ઉપર ઘાસલેટમાં ગંધક મેળવીને લગાવવાથી લાંબા ગાળે રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ડૉ. કલામ જયારે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનમાં કામ કરતા હતા. ત્યારે એમની સરળ જીંદગી તથા જબરદસ્ત પ્રતિભાને કોઈ જોખમ ઊભું ન થાય એટલા માટે આખા સંકુલમાં સુરક્ષા વ્યવસ્થા ઘનિષ્ઠ બનાવવાની શરુઆત થઈ. સંકુલને ફરતે આવેલી કંપાઉન્ડ વૉલની ઊંચાઈ વધારી દેવામાં આવી અને કંપાઉન્ડ વોલ ઉપર ધારદાર કાચ લગાવવાની કામગીરી શરુ થઈ. કોઈ કંપાઉન્ડ વોલ કુદવાનો પ્રયત્ન કરો તે કાચ વાગે એવું સુરક્ષા કર્મીઓનું માનવાનું હતું.

એકવાર સંકુલમાં પ્રવેશતા એમણે કાચનો ઢગલો લઈને જતો મજૂર જોયો અને ગાડી ઊભી રખાવી. પેલા મજૂરે ઈશારાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે કલામે વોચ ઉપર કાચ નાખવાના નથી. જો એમ કરશો તો પક્ષીઓ બેસસે કયાં?

આવા કોમળ હૃદય એપીજે કલામને સો સલામ વંદન.

ભારતનો કુટનીતિક વિજય છતાં...

તંત્રીસ્થાનેથી...

વિશિષ્ટ મહાનુભાવોની અવરજવરની નોંધ લઈએ તો એક જ દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને અહમદ પટેલ ગુજરાતમાં હતા ત્યારે ગુજરાતમાં લાંબો વખત શાસન કરી વડાપ્રધાન પદે પહોંચેલા નરેન્દ્ર મોદી ચીનના શ્યામેન શહેરમાં યોજાયેલ બ્રિક્સ સંમેલનમાં આતંકવાદ વિરુદ્ધ બ્રિક્સ રાષ્ટ્રોને એક સૂરમાં બોલવાની ફરજ પાડી રહ્યા હતા. રાષ્ટ્રપતિ પદ છેલ્લા ઘણાં વર્ષોથી ફક્ત બંધારણીય મહત્ત્વ ધરાવતું નિષ્ક્રિય પદ બની ચૂક્યું છે. એ દૃષ્ટિએ નવા રાષ્ટ્રપતિની પ્રથમ મુલાકતા સંદર્ભે ગુજરાતની પ્રજા એ કશો વિશેષ ઉમળકો ન દાખવ્યો કે ન રાહુલ ગાંધીની વિશિષ્ટ મુલાકાતનો કોઈ મહિમા થયો. રાહુલ ગાંધીની મુલાકાત અલબત્ત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટાયેલા કોંગ્રેસના પદાધિકારીઓ પૂરતી સીમિત હતી એટલે સ્વાભાવિક રીતે તે રાષ્ટ્રીય નેતા સાથેની એક પક્ષની જ બેઠક બની રહી. રાષ્ટ્રપતિએ સૌની યોજનાનું લોકાર્પણ કર્યું પણ વખાણ તો વડાપ્રધાનની આંતરરાષ્ટ્રીય પ્રતિભાનાં જ કર્યાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનની સરજમીન પર જઈ પાકિસ્તાનની શેહ પર નભતાં આતંકવાદી જૂથો વિરુદ્ધ જેહાદ છેડી અને બ્રિક્સ રાષ્ટ્રોએ એમની રજૂઆતને સમર્થન પણ આપ્યું. ચીન પાકિસ્તાનને પોતાના કુદરતી મિત્ર દેશનો દરજ્જો આપી ચૂક્યું છે અને અવારનવાર યુનોમાં પણ પાકિસ્તાનનો બચાવ કરતું રહ્યું છે. મસૂદ અઝહર જેવા આતંકવાદીને એ આતંકવાદી માનવા તૈયાર નહોતું તે જગજાહેર વાત છે. પરંતુ મોદીએ બધાં રાષ્ટ્રોને આતંકવાદ સામે એક મંચ પર આવવાનું આહ્વાન કર્યું ત્યારે યજમાન રાષ્ટ્રના વડા શી જિનપિંગ માટે એમની રજૂઆતમાં સૂર પુરાવવા સિવાય બીજો વિકલ્પ જ કયાં બચ્યો હતો? બ્રિક્સ રાષ્ટ્રો સાથે સુમેળ રાખવો હોય તો ચીને ભારત સાથે સૌથી પહેલાં સંબંધો સુધારવા પડે એમ છે. છેલ્લા થોડા મહિના દરમિયાન ભૂતાન-સિક્કિમ નજીકની ડોકલામ સરહદ પર બે દેશોની સેનાઓ વચ્ચે સરજાયેલ તણાવપૂર્ણ પરિસ્થિતિનો ઉકેલ બેઉ દેશોના સૈનિકોને સરહદ પરથી પાછા હટાવીને આણવાનો વહેવારું અભિગમ બેઉ રાષ્ટ્રો માટે લાભદાયક છે. ચીન અને ભારત બેઉ વિશ્વની નવી આર્થિક મહાસત્તાઓ બનવા ઝંકતાં રાષ્ટ્રો છે. બેઉ પ્રચંડ માનવબળ ધરાવે છે. પરંતુ ચીન શરૂથી જ વિસ્તારવાદી અભિગમ ધરાવતું હોઈ ભારતની સાથે દુશ્મનની જેમ વર્તતું રહ્યું છે. એની આ કૂટનીતિમાં એને પાકિસ્તાન અને કાશ્મીરના મુદ્દા ઉપયોગી નીવડ્યા છે. પાકિસ્તાનને છાવરવાના પ્રયાસો સામે ચીને એનાં બંદરો અને ધોરી માર્ગો હસ્તગત કરી પોતાની વિસ્તારવાદી નીતિનો જ પરચો આપ્યો છે. અમેરિકાએ જયારથી પાકિસ્તાન પ્રત્યે કડક વલણ દાખવવાનું શરૂ કર્યું છે ત્યારથી પાકિસ્તાન રીતસર, ઉઘાડેછોગ ચીનના ખોળે બેસી ગયું છે. આમ બેઉ પાડોશી રાષ્ટ્રો ભારત માટે તો દુશ્મનની જ ગરજ સારી રહ્યાં છે. આવી વિષમ પરિસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિક્સ શિખર પરિષદના મંચ પરથી પાકિસ્તાન દ્વારા સતત પોષાતા અને પોરસાવાતા આતંકવાદ વિરુદ્ધ છડેચોક રજૂઆત કરી અને બધાએ એને સાનુકૂળ વલણ અપનાવી બ્રિક્સના શ્યોમેન ડિકલેરેશનમાં સામેલ કરવી પડી તે ભારતનો કૂટનીતિક વિજય છે. જો કે ચીન આવા ડિકલેરેશન પર સહી કર્યા પછી સુધરી જશે, એમ માનવું એ નરી મૂર્ખામી જ લેખાશે. પંચશીલ કરાર પર દસ્તખત કર્યા પછી ચીને તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુને કેવો ઝટકો આપેલો તે કોણ નથી જાણતું?

આત્મ સમર્પણની ઘડી આવી ગઈ...

નવાં કલેવર
નટવર હેડાઉ

તકલસીભાઈ એ છાપાંના પહેલા પાનાં પર તે સમાચાર વાંચ્યા ત્યારે જરા બેચેન થઈ ગયા. તે છાપાંના બીજા સમાચારો પર નજર ફેરવે તે પહેલાં તેમના પત્ની બે કપમાં ચ્હા લઈને ત્યાં આવી પહોંચ્યા.

એકવાર તો તલકસીભાઈને એમ લાગ્યું કે પહેલાં પાનાનાં અગત્યના આ સમાચાર હું જ મારી પત્નીને વાંચી સંભળાવું. તેના હૃદયને ભાર જરા હળવો થાય. પણ બીજી જ પળે તેમણે વિચાર બદલ્યો. ના... ના... તેને આ વાત અત્યારે કરવી બરાબર નથી. તે એવું માનતા કે ગુંચવાડા વાળી વાત જેટલી છૂપાવી શકાય તેટલી છુપાવવી સારી. એવી તો અનેક ગુપ્ત વાતો તલકસીભાઈએ વરસોથી હૃદયના ખૂણામાં દાટી રાખી છે. તેમની પત્નીમાં એટલું ધૈર્ય નથી કે બધી કડવી વાતો પચાવી શકે.

અખબારના બધા પાના આપવાની સાથે તલકસીભાઈએ પોતાની પત્નીને વાતોમાં એ રીતે ઉલઝાવી રાખ્યા કે પેલી ખાસ ખબર ઉપર તેની નજર ન પડે. તેમણે પત્નીને એમ પણ કહ્યું કે જરા જલ્દી શાક વઘારી પછી નાસ્તો પણ ઉતાવળથી બનાવી દે. તથા બપોરનું ટીફીન પર તૈયાર કરી દે. કેમ કે આજ ઑફીસમાં ઉપલી કચેરીએથી ઈન્સ્પેકેશન કરવા ટીમ આવી રહી છે. તેથી તલકશીભાઈ ને પોતાને ઓફીસે વહેલાં પહોંચવું જરૂરી છે.

અખબારનું મુખ્ય પાનું તે પોતાની સાથે જ લઈ ગયા. આખો દિવસ તેમના મનમાં ફફડાટ રહ્યો. પત્નીથી કોઈ વતા કયાં છૂપી રહે છે. આડોશી પાડોશી પાસેથી તેને બધું જાણવા મળી જાય છે.

પરિસ્થિતિની જાણકારી મેળવવા લંચ ટાઈમની આસપાસ તલકશીભાઈએ ઘેર ફોન કર્યો. તો પત્ની ખુશ થતાં બોલી.

'અરે, તમે આજના છાપામાં મેઈન ન્યુઝ વાંચ્યા?'

તલકશીભાઈના ચહેરાનો રંગ ઉડી ગયો. તે પોતાની જીત કાબુ મેળવતાં ધીમા સ્વરે માંડ બોલ્યા. 'હા... હા... બધા સમાચાર વાંચ્યા તે.' છાપાંમાં નેતાઓના વકતવ્યો સિવાય શું હોય છે. કાં તો પછી ત્રણ મર્યાને તેર ઘાયલ. અથવા રમતગમતના સમાચાર અને બજાર ભાવ. કોઈ ખાસ વાત હોતી નથી.

તલકસીભાઈ પત્ની ઉત્સાહિત સ્વરે બોલી. 'અરે, એ નહીં, હું તો આપણા સરકારી દવાખાનાની વાત કરું છું. પાડોશમાં પેલા દેવલબહેન છે ને તેમણે કહ્યું કે આજના અખબારમાં એવા સમાચાર છે કે, આપણાં મુખ્યમંત્રીએ આપણા શહેરની હોસ્પિટલમાં એક ખાસ વિંગનું ઉદ્ઘાટન કર્યું છે. હવે અમદાવાદની એપોલો હોસ્પિટલની જેમ અહીં પણ હાર્ટની બાયપાસ સર્જરી થવા લાગશે અને તે પણ અડધી કિંમતે. હવે કોઈ મુશ્કેલી નહીં રહે.'

તલકશીભાઈ એ મનમાં વિચાર્યું કે તને કયાંથી ખબર પડે, આ જ તો મોટી મુશ્કેલી છે. પત્નીનો ઉત્સાહ જોઈ તેમણે ચાલ બદલી 'ભલી એ તો બધાં ઠીક, એપોલો પ્રાઈવેટ હોસ્પિટલ કહેવાય. ત્યાં ખર્ચ વધારે થાય. તે સાથે ઈન્ટરનેશનલ કક્ષાની સુવિદાઓ પણ મળે. શહેરના સાર્વજનિક ટ્રસ્ટના દવાખાનામાં તંત્ર રેઢિયાળ રહેવાનું, સારું બોલો પછી ઘેર આવી વાત કરું છું. અહીં આપણા શહેરમાં સર્જરી કરાવવી એ મુર્ખના ગણાય. યાર, આપણેય ઘણી દુનિયા જોઈ છે.'

સાંજે પાંચ વાગ્યે થાક્યા પાક્યા ખિન્ન મને તલકશીભાઈ ઘેર પહોંચ્યા. હાથમાં ચ્હાનો કપ પકડાવતાં પત્ની બોલી, 'મેં બાપુજીને ફોન કરી દીધો છે. કે કાકાને કાલે જ આપણે ઘેર મોકલી દે. બાપુજી કહેતા હતા કે કાકા એ એક લાખ રૂપિયાની સગવડ તો કરી રાખી છે.અને બાકી... મેં તો કહી દીધું કે ચિંતા કરતા નહીં. અહીં એ આમતેમ કરી કંઈ ને કંઈ સગવડ કરી આપશે. તમે પછીથી પૈસા મોકલી આપજો.'

તલકશીભાઈએ ચ્હાનો કપ ટીપોય પર મુકી દીધો. રાતાપીળા થતા બોલ્યા. બાકી શું?

અનુસંધાન પાના નં. ૭ પર

શ્રદ્ધા, વિશ્વાસ, સમર્પણનો સરવાળો એટલે પ્રેમ

ગુલમહોર
દિનેશ દેસાઈ

સ્વામી રામતીર્થે કહ્યું છે કે ''ઈશ્વર તમારી ભીતર જ છે. એ ક્યાંય બહાર શોધવા જવાની જરુર નથી. તમારી ભીતરની શક્તિ (કુંડલિની) જાગૃત કરો.''

શ્રદ્ધા, વિશ્વાસ, સમર્પણનો સરવાળો એટલે પ્રેમ. પરંતુ આપણે જ્યારે પ્રેમની વાત કરીએ ત્યારે દર વખતે શરીર સાથે જોડાયેલી બાબત ધારી લઈએ છીએ. પ્રેમમાં પણ એકનિષ્ઠા અને વફાદારી જેવા ગુણ સામેલ થઈ જાય છે. માત્ર સાધુ જ નહીં, ગૃહસ્થ અથવા લગ્ન કર્યા વિનાના સ્ત્રી અથવા પુરુષ પણ એકનિષ્ઠ બ્રહ્મચારી હોઈ શકે છે. સ્વામી વિવેકાનંદજી આજીવન બ્રહ્મચારી રહ્યા. તેમના જીવનનો એક પ્રસંગ છે.

સ્વામી વિવેકાનંદજી મેધાવી, ઓજસ્વી અને તેજસ્વી હતા. મેધાવી યાને તેમની યાદશક્તિ તીવ્ર અને સચોટ હતી. એમ કહી શકાય કે તેમની ફોટોગ્રાફિક મેમરી હતી. તેમની આવી ફોટોગ્રાફિક મેમરી સાથે જોડાયેલી એક સત્ય ઘટના છે. તેઓ એક વાર ફ્રાન્સની મુલાકાતે હતા ત્યારે પેરિસમાં એક ફ્રેન્ચ પ્રોફેસરના ઘરે રોકાયા હતા. ટેબલ પર એક દળદાર, વજનદાર અંગ્રેજી પુસ્તક હતું એ સ્વામીજીએ હાથમાં લીધું અને બધા પાના ફેરવીને ઝડપથી વાંચી ગયા.

યજમાન પ્રોફેસરને નવાઈ લાગી એટલે પૂછ્યું કે ''આખું પુસ્તક વંચાઈ ગયું?'' સ્વામીજીએ તો હકારમાં જવાબ આપ્યો.

પ્રોફેસરે કહ્યું કે થોડીક પ્રશ્નોત્તરી કરીએ. સ્વામીજી તો જવાબો આપવા તૈયાર થઈ ગયા. અંતે પ્રોફેસરને સ્વામીજીના જવાબોથી સંતોષ થયો કે તેઓએ ખરેખર ખુબ ઝડપથી વાચન કરીને બધું જ યાદ રાખી લીધું છે.

પ્રોફેસરે આશ્ચર્યથી એમ પણ પૂછ્યું કે ''સ્વામીજી, તમે આટલું બધું યાદ કેવી રીતે રાખી શકો છો?''

સ્વામીજીએ કહ્યું કે ''બ્રહ્મચર્યના કારણે મારી બુદ્ધિમેધા આટલી તેજસ્વી અને પ્રબળ છે કે જેથી મારી યાદશક્તિ આ રીતે કેળવાઈ ગઈ છે.''

> આપણને આપણી આસપાસની કેટલી વ્યક્તિઓ ઉપર વિશ્વાસ હોય છે? સવાલ પેચીદો છે અને જવાબ પણ જાહેર કરવા જેવો તો નહીં જ હોય, આપણે ઘર કે ઑફિસમાં આઠ, દસ કે બાર કલાક જેમની સાથે જિંદગી જીવીએ છીએ, તેમાંના કેટલા લોકો ઉપર આપણે આંખો બંધ કરીને વિશ્વાસ મૂકી શકીએ?

ઉલ્લેખનીય છે કે સ્વામીજીના ગુરુ સ્વામી રામતીર્થ પણ તીવ્ર મેધાના માલિક હતા. તેઓ પણ બ્રહ્મચારી હતા અને હિમાલયની ગિરિકંદરાઓમાં વસતા હતા. તેઓ શરીર ઉપર માત્ર એક જ વસ્ત્ર ધારણ કરતા. હિમાલયમાં રહેવા છતા ભરશિયાળે તેમને પરસેવો રહેતો.

શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણની નાનકડી વાત કરીએ. આપણને આપણી આસપાસની કેટલી વ્યક્તિઓ ઉપર વિશ્વાસ હોય છે? સવાલ પેચીદો છે અને જવાબ પણ જાહેર કરવા જેવો તો નહીં જ હોય. આપણે ઘર કે ઑફિસમાં આઠ, દસ કે બાર કલાક જેમની સાથે જિંદગી જીવીએ છીએ, તેમાંના કેટલા લોકો ઉપર આપણે આંખો બંધ કરીને વિશ્વાસ મૂકી શકીએ? બહુ અઘરી વાત છે કે કોઈના ઉપર આપણે વિશ્વાસ મૂકીએ.

શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણની વાતમાં પ્રેમની વાત પણ કરી લઈએ. પ્રેમ એટલે જ વિશ્વાસ અને સમર્પણનો સરવાળો. જો તમે જેને પ્રેમ કરો છો એના ઉપર વિશ્વાસ ન કરો અથવા સમર્પણ ન કરો તો એવા પ્રેમનો કોઈ અર્થ નથી. ખરેખર તો વિશ્વાસ અને સમર્પણ વિનાનો પ્રેમ એ કોઈ પ્રેમ નથી પરંતુ બાહ્ય આડંબર અથવા માત્ર શબ્દોના સાથિયા જ છે. આપણે આપણા ઘરના કે આપણી જિંદગીની આસપાસની વ્યક્તિ ઉપર જલદીથી વિશ્વાસ કરતા નથી, પરંતુ જ્યારે ઘરની બહાર નીકળીએ છીએ ત્યારે ઑટોરિક્ષા ડ્રાઈવર, કાર ડ્રાઈવર, પબ્લિક ટ્રાન્સપૉર્ટ બસ, ટ્રેન ડ્રાઈવર, પ્લેનનો પાઈલૉટ વગેરે ઉપર કેમ વિશ્વાસ કરીને આપણું શરીર, આપણી જિંદગી તેને સોંપીને આરામથી ઊંઘી જઈએ છીએ?

આપણે તો જે ઑટોરિક્ષા, ભાડાની કાર, પબ્લિક ટ્રાન્સપૉર્ટ બસ, ટ્રેનના ડ્રાઈવર કે પાઈલૉટને ઓળખતા પણ નથી હોતા. છતા પણ આપણે મુસાફરી કરવા માટે આપણું શરીર એના ઉપર વિશ્વાસ રાખીને સમર્પિત કરી દઈએ છીએ. એ વ્યક્તિ અકસ્માત સર્જીને આપણને મારી નાખશે એવી સંભાવના આપણને હોવા છતા આપણે તદ્દન અજાણી વ્યક્તિને સમર્પણ કરીએ છીએ, તો પછી આપણી જાણીતી વ્યક્તિ ઉપર વિશ્વાસ મૂકીને સમર્પણ કરવાનો જુગાર કેમ ખેલી લેતા નથી? સવાલ માત્ર શ્રદ્ધાનો છે. શ્રદ્ધા હોય તો વિશ્વાસ અને સમર્પણ પણ આપોઆપ આવી જાય છે.

આજના સમયમાં ''પ્રેમ'' શબ્દ સસ્તો યાને ચીપ થઈ ગયો છે. કોઈને ''આઈ લવ યુ'' કહી દેવું કેટલું આસાન થઈ ગયું છે? પરંતુ પ્રેમ નિભાવવામાં જિંદગી કસોટીની એરણ ઉપર ચઢી જતી હોય છે. આજના કવિ-લેખકો તો કેટલી બધી વાર ''પ્રેમ'' શબ્દનો ઉપયોગ કરતા હોય છે. કવિશ્રી રાજેન્દ્ર શુકલે તેમની સમગ્ર જિંદગીમાં પોતાની સર્જનપ્રક્રિયા દરમિયાન માત્ર ગઝલો જ લખી જ છે, એમાંય તેમણે આખી જિંદગીમાં માત્ર એક જ વાર ''પ્રેમ'' શબ્દનો ઉપયોગ કર્યો છે.

તેઓએ મને એક વાર આ વાત કરતા કહેલું કે ''પ્રેમ શબ્દ કેટલો મહાન અને અઘરો છે કે મને આ શબ્દ મારી ગઝલમાં ખપમાં લેતા પણ બીક લાગે છે, ડર લાગે છે કે શું હું આ શબ્દને મારી ગઝલમાં ન્યાય આપી શકીશ અથવા ન્યાય આપી રહ્યો છું? આ ભયના કારણે જ મેં માત્ર એક જ વાર આ શબ્દનો પ્રયોગ કરેલો છે. પ્રેમ તો સાધના છે, પૂજા છે, પ્રાર્થના છે. આ શબ્દને જેમ તેમ વેડફી ના નખાય, એવો મારો મત છે અને એમ હું માનું છું.''

જસ્ટ ટ્વીટ :

''અહમ્ બ્રહ્માસ્મિ...''

(હું જ બ્રહ્મ છું, એવો દૃઢ નિર્ધાર રાખો)

- વેદવાણી

આઘા રે જો વકાસ ગાંડો થયો છે...!! હૈયાવરાળ ઠાલવતા ઈ-લોકોએ મોંઘવારીનું નામ પાડ્યું વિકાસ..!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

આજકાલ સોશિયલ મીડિયા પર 'વિકાસ ગાંડો થયો છે' અને 'વિકાસ ભૂરાંટો થયો છે' એવા મેસેજિસ વાઈરલ થયા છે. એક ક્રિએટિવ ભેજાએ ફેસબૂક પર એવી પોસ્ટ મૂકી છે કે 'કાર પર ૬ ટકા GST, ટ્રેક્ટર પર ૧૨ ટકા GST, ખેડૂત હવે ટ્રેક્ટરને બદલે કારથી ખેતી કરે તો વાંધો નહીં. ટીકાકારો આઘા રેજો વિકાસ ગાંડો નહીં, રઘવાયો થયો છે.' ફેસબૂક, ટ્વિટર અને વોટ્સએપ પર આ પ્રકારના મેસેજ ઝડપથી વાઈરલ થઈ રહ્યા છે.

સૌથી વધુ કોમેન્ટસ દરરોજ વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવ પર થઈ રહી છે. સરકારે જયારથી પેટ્રોલિયમ પ્રોડકટ્સના ભાવમાં દરરોજ વધઘટ કરવાની નીતિ અપનાવી છે ત્યારથી એ હદે ભાવ વધારો થયો છે કે લોકો પરેશાન છે. આ પરિસ્થિતિને પણ રમૂજમાં રજૂ કરતાં લોકોએ એવી પોસ્ટ મૂકી છે કે 'પહેલી જુલાઈએ પેટ્રોલનો ભાવ રૂ.૬૩ હતો, જયારે ૩૦ ઓગસ્ટે ૭૦ની ઉપર ભાવ જતો રહ્યો છે. હવે તો વિકાસ ખરેખર ગાંડો થયો છે.

આ વિકાસથી કોણ બચાવશે? ST અમારી, બેસો પછી જવાબદારી તમારી, આઘા રેજો વિકાસ ગાંડો થયો છે,અડફેટે લઈ લેશે... હોટેલમાં રૂ.૧૮૦૦ના બિલ પર રૂ.૧૮૦ GST, લાગે છે અદૃશ્ય રૂપે મોદીજી પર આપણી સાથે જમતાં હતા એનું બિલ ચૂકવવું પડ્યું છે. આઘા રેજો વિકાસ ગાંડો થયો છેપ ટ્રેનની ટિકિટ પર ૧૨ ટકા GST, પ્લેનની ટિકિટ પર ૫ ટકા GST, આઘા રેજો વિકાસ ગાંડો થયો છેપ

સવાર પડેને કોઈ વસ્તુના ભાવવધારા સમાચાર નથી આવતાં તો ડર લાગે છે કે,વિકાસ અટકી તો નથી ગયો ને? કોંગ્રેસના સમયે મોંઘવારી હતી તેનું હવે નામ છે 'વિકાસ' પ નોટબંધી પછી અને હવે જી.એસ.ટી. પછીય પેટ્રોલ-ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. આ વધારો ફૂડના ઉંચા ભાવના કારણે નહીં પણ દેશમાં ઉંચા ટેક્સના કારણે છે તે આમ નાગરિક પણ જાણવા લાગ્યો છે જે સામેનો રોષ વિકાસ ગાંડો થયો કહીને વ્યક્ત થાય છે.

કોઈ ટીખળીએ કહ્યું - કોંગ્રેસના શાસનમાં મોંઘવારી નામની દિકરીને દત્તક લેવાઈ હતી, તેનું હવે જાતિ પરિવર્તન કરીને વિકાસ નામ અપાયું છે! ... દૂધના, ગેસના, વિવિધ ચાર્જમાં, દાળ-કઠોળમાં ભાવવધારો થયો એમ ન કહેવાય પણ તેનો વિકાસ થયો તેમ કહેવાય!... કોઈએ કહ્યું - ભલે એ મુંગો હતો પણ પાક્કો અર્થશાસ્ત્રી હતો પણ આપણને બધાંને તો વિકાસ જ ગમતો હતો! ... કોઈએ પોસ્ટ કર્યું - વિકાસ હવે અમારા કહ્યામાં નથી, તેની સાથે લેવડદેવડ કરો તો અમારી જવાબદારી નહીં!... વિકાસ હવે પુખ્તવયનો થયો છે, એ કોઈનું માનતો નથી! આજથી ગેસના ભાવમાં ૭૩ રૂપિયાનો વધારો... વિકાસ કો પકડના મુશ્કિલ હી નહી નામુમકિન હે, રઘવાયો વિકાસ... ભાઈ વિકાસનો ફરી થયો વિકાસ... ગાંડામાંથી રઘવાયો, રઘવાયા માંથી હડકાયો, હડકાયામાંથી ભડકાયો, ભડકાયા માંથી હરખૂડો બન્યો છે... વિકાસ... અરે... અરે... આઘા રેજો વિકાસ હવે ચકડોળે ચડયો છે...

> હું ટોપીમાંથી સપનાં ને ખુશ્બૂ કાઢું છું,
> હું જાદુગર છું, આંખેથી ઘરૂ કાઢું છું.
> હું ઊભો ઊભો કચરાને ગાળો ભાંડું છું;
> વિરોધને ખાતર પંજાથી ઝાડુ કાઢું છું.
> - ડૉ.ફિરદૌસ દેખૈયા

વિરોધ પક્ષને જવાબ આપવા પછી તો શાસક પક્ષ થોડો બાકી રહે? એણેય ચાલુ કર્યું...

ત્રણ વરસનો વિકાસ હજી ઘોડિયા મા હિંચે છે. તોય જો તમને આટલો ચચરાટ થાય તો વિચારો જે'દિ વિકાસ 'ઘોડે' ચડશે એ દિવસે તમારી શું હાલત થશે... શહેર પણ હતા અવ્યવસ્થિતને ગંદા... ના હતી તેમાં કોઈ વિશેષતા... હવે તે પણ થાય છે ધીમે ધીમે સ્માર્ટ... આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... ખખડધજ ને ગંદી હતી સરકારી ઈમારત...ને હવે બન્યા છે નવા નક્કોર ઈમારત.... આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે.... બિમારીઓ મા ગિરવે રખાતા ઘરને ખેતર હવે સરકાર આપે છે ગરીબો ને ઓપરેશન માટે મદદ...આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... કોમી હુલ્લડ થતાં ને બળી છે દુકાન ને ઘર વળી કરફ્યુ રહેતું વારંવાર... ને હવે એ તમાશા થયા વર્ષો થી બંધ ...આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... નહોતા બોલતા એક શબ્દ પણ જે કરોડો નાં કૌભાંડો પર એ પણ આજે દે છે ગાળો પ્રધાન મંત્રી ને...આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... ૬૦ વર્ષોથી ચૂપ રહ્યા ને હવે કરે બધા અનામત ની માંગ... આઘા રહેજો વિકાસ હવે ગાંડો થયો છે...

રેલ્વેના ડબ્બા ને સ્ટેશન પર હતા ઉકરડાના ઢેર... આજે છે એ બેસવા માણસો ને લાયક....આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... ખુલ્લા મા શૌચ કરવા મજબૂર હતી ગરીબ નાર... આજે મળ્યું તેને શૌચાલય... આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... કોલસા બાળી ચુલે રાંધતી એક ગરીબ મા...આજે તેને ગેસ મળ્યો.. ભાઈ...આઘા રહેજો વિકાસ હવે તો ગાંડો થયો છે... ૬૦ વર્ષ માં વિકાસ કર્યો હોય તો ખબર પડે ને કે વિકાસ ગાંડો કઈ રીતે થાય તમે ભ્રષ્ટાચાર ને ગાંડો કર્યો અમે વિકાસ ને હજુ તોફાને ચડાવીશું પ વિકાસ ગાંડો થયો છે કે નઈ એની તો ખબર નથી પણ... છેલ્લા ૨૨ વર્ષથીથી 'ખુરશી' નો મેળ પડ્યો નથી! એટલે 'વિપક્ષ' ગાંડો થયો છેપ જો વિકાસ ગાંડો ના થયો હોત તો આજી ડેમમાં પાણી ન હોત. જો વિકાસ ગાંડો ના થયો હોત તો ડોકલામ માટે ચુપચાપ બેસેલો હોતપ જો વિકાસ ગાંડો ના થયો હોત તો બાબા રામ રહીમ હજુ પણ રેપ કરતો હોતપ જો વિકાસ ગાંડો ના થયો હોત તો નોટિબંધી ના થઈ હોત. જો વિકાસ ગાંડો ના થયો હોત તો ટ્રિપલ તલાક નો ચુકાદો ના આવ્યો હોતપ વિકાસ ગાંડો થયો છે એની ચિંતા કર્યો વગર તમારો રાહુલગાંધી ઢાંઢો થયો છે એની ચિંતા કરોપ જેવાં ક્રિએટિવ જવાબ અપાય છેપ

વિકાસનો જન્મ ૨૦૦૧માં થયો હતો.આજે ઈ ૧૭ વર્ષનો થયો હવે ઈ કોઈનું માનતો નથી. વિકાસ જુવાન થઈ ગયો છે. વિકાસ તોફાને ચડી ગયો છે... અરે... આ વિકાસને કોઈ સમજાવોપ અમે લોકોએ મત દાઉદ ને પકડવા આપ્યો હતો. એ લોકો વારંવાર હાર્દિકને પકડીને લાવે છે... યોગ્ય ભાવને અભાવે ખેડૂતો મરી રહ્યા છે... સરહદે સૈનિકો મરી રહ્યા

અનુસંધાન પાના નં. ૭ પર